1. બ્રાહ્મણગ્રંથોમાં કયો ગ્રંથ સૌથી મહત્ત્વનો અને વિશાળ ગ્રંથ છે? શાથી?

➢ પશુવૈદ, સહિતી માટે ''શતપથ'' અને 'તૈત્તિરીય' બ્રાહ્મણગ્રંથ છે. તેમાં 'શતપથ' બ્રાહ્મણગ્રંથ શુક્લ યજુર્વેદ માટે છે. તે ગ્રંથમાં પિતૃ, સૌમ, રાજસૂય વગેરે પશોનું વિસ્તારથી વર્ણન છે. તેની રચના કે યાજ્ઞવલ્કય ઋષિએ કરી હોવાની માન્યતા છે. તેમાં પ્રાચીન ભારતના રાજાઓનાં નામ અને ચરિત્રોનાં વર્ણન છે. તેથી તેનું ઐતિહાસિક મહત્ત્વ છે. આમ, બ્રાહ્મણ ગ્રંથોમાં 'શતપથ' બ્રાહ્મણગ્રંથ સૌથી મહત્ત્વનો અને વિશાળ ગ્રંથ છે.

2. 'આરણ્યકો' એટલે શું? તેનું વિશેષ મહત્ત્વ શાથી છે?

➢ આર્યોએ તેમના જીવનના અંતિમ ભાગમાં અરણ્ય(વન અને જંગલો)માં કરેલાં ચિતન અને મનનના ફળસ્વરૂપે રચેલા ગ્રંથોને આરણ્યકો કહે છે. તેમાં અરશ્યમાં રહેનાર વાનપ્રસ્તી અને મુનિઓ માટે સરળ યજ્ઞોનું, તેમની જીવનચર્યા અને બ્રહ્મ વગેરેનું ચિંતનાત્મક વિવેચન છે. અહીં યજ્ઞના કોડ સાથે આધ્યાત્મિક સ્વરૂપ વિશે વિવેચન છે. આરણ્યકોમાં (બ્રહ્મ અને આત્માના તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપેલો છે. આમ, આધ્યાત્મિક અને સાત્વિક દષ્ટિએ આરણ્ય કોનું વિશેષ મહત્ત્વ છે.

3. સાંખ્યદર્શન વિશે સમજૂતી આપો.

➢ સાંખ્યદર્શનની રચના મહર્ષિ કપિલે કરી છે. આ દર્શનને સાંખ્યદર્શન કહેવા માટે બે મત પ્રવર્તે છે : (1) આ દર્શનમાં 25 તત્ત્વોની વ્યાખ્યા કરવામાં આવી છે અને (2) 'સાંખ્ય' શબ્દનો અર્થ 'ચર્ચા' કે 'વિચારણા' થાય છે. આ દર્શન સુષ્ટિનાં તત્ત્વોનો સમ્યક વિચાર કરતું હોવાથી તેને 'સાંખ્યદર્શન' કહેવાય છે. પુરુષ અને પ્રકૃતિના વૈતથી આ સૃષ્ટિનું સર્જન થયું છે. સાંખ્યદર્શનને ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરવાની જરૂર જણાતી નથી. સાંખ્યદર્શને સત્ત્વ, રજસ અને તમસને પ્રકૃતિના ગુણો કહ્યા છે. સાંખ્યદર્શન જ્ઞાન કે વિવેકને જ મોક્ષનું સાધન કહે

4. ન્યાયદર્શન વિશે સમજૂતી આપો.

➢ ન્યાયદર્શનની રચના મહર્ષિ ગૌતમે કરી છે. દર્શનશાસ્ત્રોમાં 'ન્યાય'નો અર્થ ઘણો વિશાળ છે. ન્યાયદર્શન એટલે જુદાં જુદ્ધ પ્રમાણો કે આધારો દ્વારા વસ્તુની પરીક્ષા કરવી તે. ન્યાયદર્શનને 'તર્કશાસ્ત્ર' કે 'પ્રમાણશાસ્ત્ર' પણ કહે છે, કારણ કે ન્યાયદર્શનનો મુખ્ય ઉદેશ્ય યથાર્થ જ્ઞાન મેળવવાનો છે. ન્યાયદર્શન 'જ્ઞાન'ને પ્રકાશરૂપ અને 'શબ્દ' ને પ્રમાણરૂપ માને છે. ન્યાયદર્શન અનુસાર 'આત્મા' એ શરીર, મન અને ઇન્દ્રિયોથી પર છે. ન્યાયદર્શને માનવીના જીવનનું અંતિમ લક્ષ મોક્ષને ગમ્યું છે. ન્યાયદર્શને ઈશ્વરના અસ્તિત્વની સાબિતી આપી છે. અન્ય દર્શનોની જેમ ન્યાયદર્શન પણ યથાર્થ જ્ઞાન વડે 'મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય તે સમજાવે છે.

5. પૂર્વમીમાંસાદર્શન વિશે સમજૂતી આપો.

➢ પૂર્વમીમાંસાદર્શનની રચના મહર્ષિ જૈમિનીએ કરી છે. મહર્ષિ જેમિની રચિત 'જૈમિની સુત્ર' એ પૂર્વમીમાંસાદર્શનનો મૂળ ગ્રંથ છે. અહીં, કર્મને મહત્વ આપવામાં આવ્યું છે. વૈદિક સાહિત્યમાં દશર્વિલા યજ્ઞવિધિ અને કર્મકાંડની માહિતી છે અને તેની હિમાયત પણ આ દર્શન કરે છે. આથી તેને 'પૂર્વમીમાંસા' કહેવામાં આવે છે.

આ દર્શનના મતે કોઈ પણ ક્રમ તેના ફળની ઈચ્છાથી કરવામાં આવે, તો તેનાથી માનવી પાપ અને પુણ્યના બંધનમાં પડે છે. પરંતુ જો ફળની ઇચ્છા વગર કર્મ કરવામાં આવે, તો માનવીને તેના કર્મથી 'મોક્ષની પ્રાપ્તિ થાય છે. આથી દરેક માનવીએ આત્મજ્ઞાન મૅળવવા માટે 'નિષ્કામ' કર્મ કરવું જોઈએ. આ દર્શનમાં કર્મ અને પુનર્જન્મને લગતા અનેક સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવી છે. આથી આ દર્શનને 'કર્મમીમાંસા' પણ કહે છે. તે કર્મકાંડનું દર્શન છે. આથી તેને 'વ્યવહારવાદી દર્શન' પણ કહે છે. પૂર્વમીમાંસાદર્શને કર્મ અને પુનર્જન્મને લગતો 'શક્તિ' અને 'અપૂર્વ' સિદ્ધાંત આપ્યો છે.

6. ઉત્તરમીમાંસાદર્શનની સમજુતી આપો.

➢ ઉત્તરમીમાંસાદર્શનની રચના મહર્ષિ બાદરાયણે કરી છે. મહર્ષિ બાદરાયણે ઉપનિષદોમાં જે વિચારો છુટાછવાયા કે વેરવિખર પડ્યા હતા તેને સુત્રરૂપે રજુ ક્યાં છે, જેને 'વેદાંત સૂત્રો' કે 'બ્રહ્મસૂત્રો' કહેવામાં આવે છે. દરેક દર્શનમાં જીવ, જગત અને ઈશ્વર વિશે ચર્ચા કે 'ચિંતન' કરવામાં આવ્યું છે, આ મીમાંસામાં પણ જગત અને તેના દરેક વિષયોને સત્ય માનવામાં આવ્યા છે. ઉત્તરમીમાંસાદર્શનને 'વેદાંતદર્શન' પણ કહે છે. આ દર્શને બ્રહ્મને સર્વોપરી સત્તા ગણી છે. તેમાં 'બ્રહ્મ' અને આત્માની એક્તા સમજાવી છે. ઉપનિષદો અને મહર્ષિ બાદરાયણરચિત 'બ્રહ્મસૂત્રો'નો વિચાર એક જ છે. આમ, આ દર્શન વૈદિક સાહિત્યનાં અંતિમ સ્વરૂપો સાથે સંકળાયેલું છે. આથી તેને 'ઉત્તરમીમાંસા' કે 'જ્ઞાનમીમાંસા' કહેવામાં આવે છે.

7. બ્રાહ્મણગ્રંથોમાં શેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે?

➢ બ્રાહ્મણગ્રંથોનો વૈદિક સાહિત્યમાં સમાવેશ થાય છે. વેદસંહિતાનો અર્થ સમજાવવા તેના પરની ટીકારૂપે આ ગ્રંથો લખાયેલા છે. તેમાં જુદા જુદા યજ્ઞો અને તેને લગતી વિધિઓ માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

8. ઉપનિષદ શબ્દનો શો અર્થ થાય છે?

➢ સંસ્કૃતમાં ઉપનિષદનો અર્થ ''ગુરુ પાસે બેસીને પ્રાપ્ત કરવાની વિદ્યા'' થાય છે. કેટલાક વિદ્વાનો સ ધાતુના 'ગતિ' અને 'નાશ' એવા બે અર્થ કરે છે. તેથી ઉપનિષદનો અર્થ 'પરમાત્મા તરફ ગતિ કરાવનાર શાસ્ત્ર' અને અજ્ઞાનનો નાશ કરનાર શાસ્ત્ર' થાય છે. ઉપનિષદનો એક અર્થ 'ઉપાસના' થાય છે. પશ્ચિમના વિદ્વાનો તેને 'ગૂઢવિદ્યા' તરીકે ઓળખાવે છે.

9. તૈત્તિરીય ઉપનિષદમાં સૃષ્ટિના સર્જન અંગેના કયા વિચારો વ્યક્ત થયા છે ?

➢ તૈત્તિરીય ઉપનિષદમાં સૃષ્ટિના સર્જન અંગે જણાવ્યું છે કે આત્મામાંથી આકાશ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથીજળી, જળમાંથી પૃથ્વી, પૃથ્વીમાંથી વનસ્પતિ, વનસ્પતિમાંથી અન્ન અને અન્નમાંથી પ્રાણીમાત્ર ઉત્પન્ન થયાં છે.

## 10.ઉપનિષદોમાં કર્મ અને પુનર્જન્મ વિશે કયા વિચારો વ્યક્ત થયા છે ?

➢ ઉપનિષદોમાં કર્મ અને પુનર્જન્મ વિશે વિચારો વ્યક્ત થયા છે. ઉપનિષદો જણાવે છે કે દરે કે કર્મનું ફળ ભોગવવું જ પડે છે. જો વ્યક્તિ નિષ્કામ કર્મ કરે, તો તેને જગતનાં બંધનો રહે નહિ. પૂર્વજન્મનાં કર્મોનું ફળ આ જન્મમાં પ્રાપ્ત થાય છે.

## 11. ઉપનિષદોમાં મોક્ષ વિશે ક્યા વિચારો વ્યક્ત થયા છે?

➢ મોક્ષ વિશે વિચારો વ્યક્ત કરતાં ઉપનિષદો જણાવે છે કે મોક્ષ જ્ઞાનનું ફળ છે અને જ્ઞાનની સાધનામાં શ્રવણ, મનન અને ધ્યાનનું મહત્ત્વ છે. મોક્ષ પામનાર વ્યક્તિ જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ મેળવે છે. મોક્ષની પરમ અવસ્થા એ પરમ શાંતિ અને સમાધિનું સ્વરૂપ છે.

## 12.સુત્રસાહિત્યની શી વિશેષતા છે?

➢ સૂત્રસાહિત્યમાં સરળતાથી કેશ્ય કરતાં ફાવે તેવાં ટૂંકાં ટૂંકા વાક્યો છે. તેમાં ઓછામાં ઓછા શબ્દોમાં વધારેમાં વધારે વિચારોનો સમાવેશ કરવામાં આવેલો છે. સુત્રસાહિત્યની ખાસ વિશેષતા આ જ છે.

## 13.આર્ય અષ્ટાંગ માર્ગમાં કયા આઠ માર્ગો દર્શાવવામાં આવ્યા છે?

➢ આર્ય અષ્ટાંગ માર્ગમાં આ આઠ માર્ગો દર્શાવ્યા છે : (1) સમ્યક્ કર્મ, (2) સમ્યક વાણી, (3) સમ્યક આચાર, (4) સમ્યક વિચાર, (5) સમ્યક આકાંક્ષા, (6) સમ્યક વૃત્તિ, (7) સમ્યક આનંદ અને (8) સમ્યક શ્રદ્ધા.

## 14. રાજાએ ગાદીએ બેસતાં પહેલાં કેવા શપથ લેવા પડતા હતા?

➢ રાજાને ગાદી પર બેસતાં પહેલાં આ શપથ લેવા પડતા, “જો હું તમને પીડા આપું તો મારું સઘળું પુણ્ય, મારું સુખ, મારું આયુષ્ય અને મારી સંતતિનો નાશ થાઓ.”

## 15. વૈદિક સાહિત્યમાં આરણ્યકો યજ્ઞપ્રધાન નહિ, પરંતુ ચિંતનપ્રધાન શાથી માનવામાં આવે છે?

➢ વૈદિક સાહિત્યમાં મુખ્યરૂપે યશો વિશેની ચર્ચા-વિચારણા કરવામાં આવી છે, તેનાથી એવું માની લેવાની જરૂર નથી કે તે સમયના ઋષિમુનિઓ ફક્ત યશ-યાગાદિમાં જ રચ્યાપચ્યા રહેતા હતા. વેદોમાં તત્વજ્ઞાન અને આધ્યાત્મિક વિચારોનું પણ વર્ણન છે. આરણ્યકોમાં આધ્યાત્મિક અને પરલૌકિક બાબતો વિશે, આત્મા અને ઈશ્વર વિશે, પૃથ્વી અને માનવીની ઉત્પત્તિ વિશે તથા તેના નિયામક વિશે ચિંતન થયું છે. આથી માનવામાં આવે છે કે વૈદિક સાહિત્યમાં આરણ્યકો યપ્રધાન નહિ, પરંતુ ચિંતનપ્રધાન છે.

## 16.ઉપનિષદો ભારતીય દર્શનવિદ્યાના ભંડાર કેમ મનાય છે ?

➢ ભારતીય ચિતનું પરંપરાનાં મકટમણિ સમા ઉપનિષદોમાં માનવજીવનને યુગોપયત અખલિત પ્રેરણા આપવાની શક્તિ છે. ઉપનિષદો એશાનનો નાશ કરનાર અને પરમાત્મા તરફ ગતિ કરાવનાર શાસ્ત્રો છે. તેમાં જે વિષયોની ચર્ચા કરવામાં આવી છે તે આજે પણ માનવજીવનને માર્ગદર્શન આપવા સમર્થ છે. વર્તમાન જીવનની દરેક

સમસ્યાનું સમાધાન આ ઉપનિષદોના તત્ત્વજ્ઞાન અને દાર્શનિક વિચારધારામાંથી પ્રાપ્ત થાય છે. આમ, ઉપનિષદો ભારતીય દર્શનવિદ્યાના ભંડાર મનાય છે.

### 17.જૈન ધર્મનો દ્રષ્ટિકોણ આધ્યાત્મિક કઈ રીતે છે?

- જૈન ધર્મ જીવનની વાસ્તવિકતાના નિરૂપણ પર ભાર મૂકે છે. જૈન ધર્મ ના સિદ્ધાંતો સત્ય, અહિંસા, બ્રહ્મચાર્ય, અસ્તેય અને અપરિગ્રહ વ્યક્તિનિષ્ઠ છે. તેમાં હિન્દુ ધર્મના કર્મફલ નો સિદ્ધાંત પ્રતિબિંબિત થાય છે. સાદું, સંયમી અને ત્યાગી જીવન જીવવું , સાત્વિક કોતરક લેવો, મોક્ષનો માર્ગ પ્રપ્ત કરવો વગેરેનો ઉપદેશ આપનાર જૈન ધર્મ નો દ્રષ્ટિકોણ આધ્યાત્મિક છે.

### 18.ગૌતમ બુદ્ધ શાથી અહિંસાપ્રધાન ધર્મ ઉપદેશ્યો હતો?

- બ્રાહણ ધર્મમાં યજ્ઞ-યાગાદીનુ અને બ્રાહ્મણોનું વર્ચસ્વ ખૂબ જ વધી ગયું હતું. ભૌતિક લાભ મેળવવા માટે યજ્ઞૉમાં વ્યાપક પ્રમાણમાં પશુહિંસા થતી હતી. ગોતમ બુદ્ધ પ્રેમ અને કરુણાને કેન્દ્રમાં રાખી પશુહિંસા નો વિરોધ કર્યો. આમ, ગૌતમ બુદ્ધ અહિસાપ્રધાન ધર્મ ઉપદેશયો હતો.

### 19.વૈદિક યુગમાં રાજયસંચાલન પર પ્રજાનો પૂરેપૂરો અંકુશ કઈ રીતે હતો?

- વૈદિક યુગમાં રાજાને રાજયસંચાલનમાં મદદ કરવા માટે ‘પ્રજા એ ચૂંટણી સભા’ અને ‘સમિતિ’ નામની બે સંસ્થાઓ હતી. સમિતિમાં પ્રજાના પ્રત્યેક વર્ગોને પ્રતિનિધિત્વ આપવામાં આવતું હતું. આ ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓનો લહાથમાં સાચી સત્તા કાતી. તેમણે લીધેલા નિર્ણયોનો અમલ કરવા રાજા બંધાયેલો હતો, સમિતિ રાજાને પદભ્રષ્ટ પણ કરી શકતી. આમ, વૈદિક યુગમાં રાજયસંચાલન પર પ્રજાનો પૂરેપૂરો અંકુશ હતો.